**ફોજદારી કેસ નં.૩૬/૨૦૨૬**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**(૧)** હાલના કામના આરોપી અક્ષયભાઈ બકુલભાઈ પટેલ જય અંબે રસ કુટીર, રહે. નાનસલાઈ, તા.ઝાલોદ, જી.દાહોદ વિરૂદ્ધ શ્રી એ.બી.ગોસ્વામી, સરકારી શ્રમ અધિકારી અને બાળ મજુર (પ્રા. અને ની.) અધિનિયમ ૧૯૮૬ હેઠળના નિરિક્ષક, દાહોદ સરકારી શ્રમ અધિકારીની કચેરી , જિલ્લા સેવા સદન, બીજો માળ, રૂમ નં.૨૪૫, ઝાલોદ રોડ, છાપરી, દાહોદ.

(૧) તરૂણ શ્રમયોગીના કામનો કુલ સમય (સ્પ્રેડ અવર સહિત) ૬ કલાક થી વધુ હોય, આ અધિનિમયની કલમ–૭(૩) સાથે વાંચતા નિયમ–૩(૧) નો ભંગ થાય છે.

(૨) તરૂણ શ્રમયોગી માટેના કામના સમયની નોટીસ નમુના ફોર્મ–૧ માં પ્રદર્શિત કરેલ નથી. આથી આ અધિનિમયની કલમ–૭ સાથે વાંચતા નિયમ–૩(૨) નો ભંગ થાય છે.

(૩) તરૂણ શ્રમયોગીની વિગત દર્શાવતુ પત્રક નિયત નમુનામાં ન રાખેલ હોય, આ અધિનિયમની કલમ–૧૧ સાથે વાંચતા નિમય–૪(૧) નો ભંગ થાય છે.

**(૨)** આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીએ સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વિકારી આજરોજ આરોપીની આંક–૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) આંક–૩ થી આરોપી પોતાના ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે હવે પછી આવુ કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય માત્ર દંડ કરવા રજુઆત કરેલ છે જે ઘ્યાને લીધી.

(૪) આમ, હાલના કેસમાં કોર્ટ દ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ STATE OF GUJARAT VERSUS NATWAR HARCHANDJI THAKOR નો ચુકાદો ઘ્યાને તથા આરોપીના સંજોગો ઘ્યાને લઈ તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત જણાતું હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપી અક્ષયભાઈ બકુલભાઈ પટેલ જય અંબે રસ કુટીર, રહે. નાનસલાઈ, તા.ઝાલોદ, જી.દાહોદ નાઓ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૭૫ ની બાળ મજુર (પ્ર. અને નિ.) ૧૯૮૬ અને બાળ મજુર (ગુજરાત) નિયમો ૧૯૯૪ હેઠળ કલમ–૭(૩) નિયમ–૩(૧), કલમ–૭ નિયમ–૩(૨) અને કલમ–૧૧ નિયમ–૪(૧) ના ઉલ્લંઘન બદલ તકસીરવાન ઠરાવી કલમ–૧૪(૩) મુજબ રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ મી, જુલાઈ, સને:૨૦૨૬ ના રોજ સ્પેશ્યિલ સિટિંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬

સ્થળ : દાહોદ

(પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક)
ન્યાયાધિશ, મજુર અદાલત
દાહોદ.
જીજે–૦૧૧૧૮